www.chipsairexp.com
CHIPS Express
પરદેશ પાર્સલ સર્વિસ
chipsgnd@gmail.com

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર


Gandhinagar વર્ષ : (૩૪) અંક નં. ૨૬૪ | ૬ ડિસેમ્બર, ૨૦૧૯, શુક્રવાર; માગસર સુદ - ૧૦ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# રેપો અને રિવર્સ રેપોરેટ યથાવત

## નાણાંકીય વર્ષની પાંચમી દ્વિમાસિક નાણાંકીય નીતિ સમીક્ષામાં રિવર્સ રેપોરેટ ૪.૯૦ ટકા તેમજ રેપોરેટને ૫.૧૫ ટકાના દરે યથાવત રાખવા નિર્ણય થયો : નાણાંકીય વર્ષ ૨૦૧૯-૨૦ (એફવાય ૨૦) માટે જીડીપી ગ્રોથનો અંદાજ ઘટાડીને ૬.૧ ટકાથી પાંચ ટકા કરી દેવામાં આવ્યો

મુંબઈ,તા. ૫

ભારતીય રિઝર્વ બેંકે આજે નાણાંકીય વર્ષની તેની પાંચમી દ્વિમાસિક નાણાંકીય નીતિ સમીક્ષાની બેઠકના પરિણામ જાહેર કર્યા હતા. તમામ અર્થશાસ્ત્રીઓને ચોંકાવી દઈને તેમજ તેમના અંદાજને ખોટા સાબિત કરીને આરબીઆઈએ આ વખતે નીતિ સમીક્ષામાં રેપો રેટ અને રિવર્સ રેપો રેટમાં કોઈ ફેરફાર ન કરવાનો નિર્ણય કર્યો હતો. નાણાંકીય વર્ષ ૨૦૧૯-૨૦ની તેની પોલીસી સમીક્ષાની બેઠકમાં ચાવીરૂપ દરોને યથાવત રાખવામાં આવ્યા છે. ત્રણ દિવસીય આ બેઠક મંગળવારના દિવસે એટલે કે ત્રીજી ડિસેમ્બરના દિવસે શરૂ થઈ હતી. તેની ઓક્ટોબર બેઠકમાં આરબીઆઈએ વ્યાજદરમાં ૨૫ બેઝિક પોઈન્ટનો ઘટાડો કરી દીધો હતો. આજે કોઈ ઘટાડો ન કરાતા દર હાલમાં યથાવત રહ્યા છે. તમામ અર્થશાસ્ત્રી માની રહ્યા હતા કે રેટમાં આર્થિક સુસ્તી વચ્ચે ઘટાડો કરવામાં આવશે પરંતુ આરબીઆઈ દ્વારા કોઈ ઘટાડો કરવામાં આવ્યો નથી. એમપીસીના તમામ સભ્યોએ સર્વસંમતિ સાથે રેટ યથાવત રાખવાનો નિર્ણય કર્યો હતો. જો કે નાણાંકીય વર્ષ ૨૦૧૯-૨૦ (એફવાય ૨૦) માટે જીડીપી ગ્રોથનો અંદાજ ઘટાડીને ૬.૧ ટકાથી પાંચ ટકા કરી દેવામાં આવ્યો છે. તમામ ૩૨ અર્થશાસ્ત્રીઓ દ્વારા અગાઉ રેટમાં કાપ મુકાશે તેવો અંદાજ મુક્યો હતો. આજે કોઈ ફેરફાર કરવામાં ન આવતા રેપો રેટ ૫.૧૫ ટકાના દરે યથાવત રહ્યો છે. આવી જ



● અનુસંધાન પાના - ૭ પર

## શક્તિકાંત દાસના નેતૃત્વમાં એમપીસી જ નિર્ણયો કરે છે

### ટીમમાં ચેતન ઘાટે અને વિરલ આચાર્ય સામેલ : પ્રોફેસર પામી દુઆ સામેલ

મુંબઈ, તા. ૫

આરબીઆની પોલિસી સમીક્ષા આજે જારી કરવામાં આવી હતી. આરબીઆઈની એમપીસીમાં કોણ કોણ સભ્યો છે તેને લઈને હમેશા ચર્ચા થતી રહી છે. એમપીસીનું નેતૃત્વ આરબીઆના ગવર્નર શક્તિકાંત દાસ કરી રહ્યા છે. શક્તિકાંત દાસના નેતૃત્વમાં આરબીઆઈની બેઠક યોજાઈ હતી જેમાં વ્યાજદરમાં ઘટાડો કરવામાં આવ્યો હતો. આ નીતિ સમિતિમાં જે સભ્યો રહેલા છે તેમાં વિરલ આચાર્ય, ભારતીય સંસ્થાના પ્રોફેસર ચેતન ઘાટે, દિલ્હી સ્કૂલ ઓફ ઈકોનોમિકના પ્રોફેસર પામી દુઆ અને રવિન્દ્ર ધોળકિયાનો સમાવેશ થાય છે. આ તમામ લોકો પોલિસી સમીક્ષા જારી કરતી વેળા વ્યાપક વિચારણા બાદ નિર્ણય કરે છે. સર્વસમતિથી તમામ નિર્ણય કરવામાં આવે છે. બેઠકમાં મૂલ્ય સ્થિરતાના પાસા ઉપર ચર્ચા વિચારણા કરવામાં આવ હતી. એમપીસીમાં સામેલ રહેલા સભ્યોના ઢોળકિયાની રજૂઆત પણ જોરદાર રહે છે.

## બાબરી ધ્વંસની વરસી પહેલા સઘન સુરક્ષા મજબૂત કરાઈ

અયોધ્યા,તા. ૫

બાબરી મસ્જિદ ધ્વંસની ૨૭મી વરસીના એક દિવસ પહેલા જ અયોધ્યા સહિત સમગ્ર ઉત્તરપ્રદેશમાં સુરક્ષા વ્યવસ્થા વધારે મજબુત કરી દેવામાં આવી છે. વરસીના દિવસે કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે સાવચેતીના તમામ પગલા લેવામાં આવી રહ્યા છે. સમગ્ર ઉત્તરપ્રદેશમાં સઘન સુરક્ષા વ્યવસ્થા રાખવામાં આવી છે. બાબરી વરસી શાંતિપૂર્ણરીતે પસાર થાય તેની ખાતરી કરવાના તમામ પ્રયાસ કરવામાં આવી રહ્યા છે. સાવચેતીરુપે કલમ ૧૪૪ લાગુ કરવામાં આવી છે. સુપ્રીમ કોર્ટના હાલના ઐતિહાસિક ચુકાદા બાદ રામમંદિર નિર્માણની ગતિવિધી અને રામ મંદિર નિર્માણની માંગ તીવ્ર બન્યા બાદ સમગ્ર અયોધ્યા છાવણીમાં ફેરવી દેવામાં આવતા તમામ જગ્યાએ સઘન સુરક્ષા વ્યવસ્થા મજબુત કરવામાં આવી છે. હાલમાં હુમલાની દહેશત વચ્ચે તમામ જગ્યાએ સાવચેતી રાખવામાં આવી હતી.

# હવે પ્રિપેઈડ પેમેન્ટ કાર્ડ લોંચ

## ૧૦૦૦૦ સુધીની સર્વિસ અને ચીજવસ્તુની ખરીદી શક્ય બનશે : સ્પોન્સર તરીકે બેંકના સમર્થન સાથે પીપીઆઈ જારી કરાશે : ૩૧મી ડિસેમ્બર સુધી આરબીઆઈ દ્વારા તમામ જાહેરાત કરાશે

નવીદિલ્હી,તા. ૫

રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા આજે પ્રિપેઈડ પેમેન્ટ ઈન્સ્ટ્રુમેન્ટ (પીપીઆઈ) લોંચ કરવાની જાહેરાત કરી હતી. તેનો ઉપયોગ ૧૦૦૦૦ રૂપિયા સુધીની ચીજવસ્તુઓ અને સર્વિસ ખરીદવા માટે કરી શકાશે. ડિજિટલ ઈકોનોમીને ગતિ આપવા માટે રિઝર્વ બેંક તરફથી આ જાહેરાત કરવામાં આવી છે. આજે રિઝર્વ બેંક તરફથી મોનીટરી પોલિસીની જાહેરાત પણ કરવામાં આવી હતી. આરબીઆઈ તરફથી જારી કરવામાં આવેલા નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે, પીપીઆઈ કાર્ડને બેંક એકાઉન્ટથી રિચાર્જ કરાવામાં આવી શકશે. આ કાર્ડનો ઉપયોગ બિલ પેમેન્ટ અને અન્ય પ્રકારની ખરીદી કરવા માટે કરી શકાશે. રિઝર્વ બેંકે કહ્યું છે કે, આ સંબંધમાં ખાસ જાણકારી ૩૧મી ડિસેમ્બર ૨૦૧૯ સુધી ઉપલબ્ધ

● અનુસંધાન પાના - ૭ પર



## સેંસેક્સ ૭૧ પોઈન ઘટ્યો

મુંબઈ, તા. ૫

શેરબજારમાં આજે ભારે ઉથલપાથલ જોવા મળી હતી. કારોબારના અંતે સેંસેક્સ અને નિફ્ટી બંને ઘટાડા સાથે બંધ રહ્યા હતા. આરબીઆઈ પોલિસીની સમીક્ષાના દિવસે શેરબજારમાં મંદી રહી હતી. અગાઉ આજે આરબીઆઈએ નાણાંકીય નીતિ સમીક્ષા જારી કરતી વેળા તમામ અર્થશાસ્ત્રીઓની ગણતરીને ઉંધી વાળીનો રેપોરેટનો યથાવત રાખવાનો નિર્ણય કર્યો હતો. રિઝર્વ બેંકના પગલાની નકારાત્મક અસર બજાર ઉપર જોવા મળી હતી.

## ન્યુઝ ટ્રેક

### અઝીમ પ્રેમજી સૌથી મોટા દાનવીર

પ્રતિષ્ઠિત ફોર્બ્સ મેગેઝીને વિપ્રોના ફાઉન્ડર ચેરમેન અઝીમ પ્રેમજીને એશિયાના સૌથી ઉદાર સમાજસેવી જાહેર કર્યા છે. તેઓએ આ વર્ષે ૭૬૦ કરોડ ડોલરના (૫૨,૭૫૦ કરોડ રૂપિયા)ની વેલ્યુના વિપ્રોના શેર દાન કર્યા છે. ફોર્બ્સે એશિયા-પેસીફીકના ૩૦ સૌથી મોટા પરોપકારીઓનુ લિસ્ટ બહાર પાડ્યુ હતુ.

### દિલ્હી ફરી પ્રદૂષણના ભરડામાં

થોડાક દિવસ રાહત રહ્યા બાદ દિલ્હી ફરીથી પ્રદૂષણ અને ઝેરી હવાના ભરડામાં આવી ગયુ છે. એર ક્વોલીટી ઈન્ડેક્સ ખતરનાક ગણાતી ૪૮૯ની સપાટી પર છે. હવાઈ પ્રદૂષણ વધવાની શક્યતાઓ છે.

### આલ્ફાબેટના શેરમાં ૨ ટકાનો વધારો

ગૂગલના સીઈઓ સુંદર પિચાઈ હવે આલ્ફાબેટના પણ સીઈઓ બન્યા છે. આ નિર્ણયને રોકાણકારોએ સકારાત્મક રીતે લીધો છે. તેનાથી આલ્ફાબેટના શેરોમાં તેજી આવી છે. શેરમાં ૨ ટકાનો વધારો થયો છે.

### દિલ્હીમાં સીઝનનો સૌથી ઠંડો દિવસ

દેશભરમાં ઠંડીએ એન્ટ્રી કરી છે. રાજધાની દિલ્હીમાં ૫ ડિસેમ્બરે સીઝનનો સૌથી ઠંડો દિવસ રહ્યો. દિલ્હીમાં તાપમાન ૮ ડિગ્રી સેલ્સિયસથી નીચે ગગડી ગયું છે. સવારે ૬:૧૦ મિનિટે તાપમાન ૭.૬ નોંધવામાં આવ્યું હતું. વિઝિબિલીટી ૧૨૦૦ મીટર રહી.

### દરિયાઇ ચાંચિયાઓ દ્વારા ૧૮ ભારતીયોનું અપહરણ

હોંગકોંગનો ધ્વજ ધરાવતા એક વિરાટ જહાજમાં કામ કરતા ૧૮ ભારતીયોનું નાઈજિરિયા નજીક દરિયાઈ ચાંચિયાઓએ અપહરણ કર્યુ હોવાના સમાચાર મળ્યા હતા. દરિયાઈ ચાંચિયા કે બીજી દુર્ઘટના સામે જહાજો અને ખલાસીઓનું રક્ષણ કરતી સંસ્થા એઆરએક્સ મેરીટાઈમે આ સમાચાર ભારતને આપ્યા હતા.

# દેશની અર્થવ્યવસ્થા ખોટા હાથમાં : ચિદમ્બરમ્

## જામીન મળ્યાના એક દિવસ બાદ જ ચિદમ્બરમ સંસદમાં




નવીદિલ્હી, તા. ૫

આઈએનએક્સ મની લોન્ડરિંગ કેસમાં પૂર્વ નાણાંપ્રધાન પી. ચિદમ્બરમને જામીન મળી ગયાના એક દિવસ બાદ જ તેઓ આજે સવારે સંસદની કાર્યવાહીમાં ભાગ લેવા માટે સંસદ પહોંચી ગયા હતા. ચિદમ્બરમ સંસદ પહોંચી જતા તેમની ચર્ચા રાજકીય વર્તુળોમાં વધારે જોવા મળી રહી હતી. તમામની નજર પણ તેમના પર જ કેન્દ્રિત રહી હતી. કેસમાં તેમને બુધવારના દિવસે જામીન મળ્યા બાદ સુપ્રીમ કોર્ટે કેટલીક શરતો લાગુ કરી હતી. જેમાં તેની પરવાનગી વગર વિદેશ ન જવા અને જાહેરમાં કોઈ નિવેદન ન કરવા માટે કહેવામાં આવ્યુ હતુ. ગઈકાલે જ જેલમાંથી બહાર નિકળ્યા બાદ ચિદમ્બરમે મિડિયા સાથે વાતચીત કરતા કહ્યુ હતુ કે તેમની સામે કોઈ આરોપ નક્કી ન કરાયા હોવા છતાં તેમને ૧૦૬ દિવસ સુધી જેલમાં રાખવામાં આવ્યા હતા. હવે ચિદમ્મબરનુ વલણ કેવુ રહે છે તેમના પર રાજકીય પંડિતોની નજર રહેનાર છે.આઈએનએક્સ મિડિયા મની લોન્ડરિંગ કેસમાં પૂર્વ નાણાંપ્રધાન અને કોંગ્રેસના વરિષ્ઠ નેતા પી. ચિદમ્બરમને સુપ્રીમ કોર્ટે બુધવારના દિવસે આખરે શરતી જામીન આપી દીધા હતા. આઈએનએક્સ મિડિયા ગ્રુપને ૨૦૦૭માં ૩૦૫ કરોડ રૂપિયા વિદેશી ફંડ મેળવવાના સંદર્ભમાં અનિયમિતતા જોવા મળી હતી. એવું જાણવા મળ્યું હતું કે, ફંડ માટે મંજુરી આપવામાં એફઆઈપીબીમાં ગેરરીતિ આચરવામાં આવી હતી. એ વખતે નાણામંત્રી તરીકે પી ચિદમ્બરમ હતા. સીબીઆઈએ મે ૨૦૧૭માં ચિદમ્બરમની સામે એફઆઈઆર દાખલ કરી હતી. છેલ્લા ૧૦૬ દિવસથી ચિદમ્બરમ કસ્ટડીમાં હતા.

## કર્ણાટકમાં ૧૫ બેઠકોની પેટા ચૂંટણીમાં ૬૦ ટકા મતદાન

### યેદિયુરપ્પાની સરકાર પાતળી બહુમતિ ધરાવી છે : ૬ બેઠકો જીતવી જરૂરી



કર્ણાટકમાં ભાજપ સરકાર માટી મહત્વની એવી ૧૫ બેઠકોની પેટાચુંટણીમાં મતદાન હાથ ધરવામાં આવ્યું હતું. સાંજે ૫ વાગ્યા સુધીમાં ૬૦ ટકા મતદાન નોંધાયું હતું. ભાજપે પોતાની તરફેણમાં મતદાનનો દાવો કર્યો છે.

કર્ણાટકમાં ભાજપનાં મુખ્યમંત્રી યેદિયુરપ્પાની સરકાર ૧૦૬ ધારાસભ્યોની પાતળી બહુમતિ પર ટકેલી છે. જો તેમાંથી બેઠકો ઓછી થાય તો સરકાર મુશ્કેલીમાં આવી શકે. જેથી આજે યોજાયેલી ૧૫ બેઠકોની પેટાચુંટણીમાં ભાજપે ઓછામાં ઓછી ૬ બેઠકો જીતવી પડે. હાલમાં કર્ણાટક વિધાનસભામાં ૨૦૭ ધારાસભ્યો છે. વિધાનસભામાં સભ્યોની કુલ સંખ્યા ૨૨૪ થાય છે. અગાઉ કોંગ્રેસ અને જીડીએસની સરકાર વખતે ૧૭ ધારાસભ્યોએ વિધાનસભા સભ્યપદેથી રાજીનામાં આપતા મુખ્યમંત્રી કુમાર સ્વામીની સરકાર ઉથલી પડી હતી. અને ભાજપનાં યેદિયુરપ્પાએ સરકાર બનાવી હતી. પરંતુ તે સાવ પાતળી બહુમતિ ધરાવે છે.

# ડુંગળી ઈજિપ્ત અને તુર્કીથી ૧૫મી સુધીમાં આવી પહોંચશે

## ડુંગળીની કિંમતોને કાબૂમાં લેવા બનતા તમામ પગલા લેવાયા છે : સરકારના જુદા જુદા મંત્રીઓની સાથે વહેલીતકે કિંમતોને કાબૂમાં લેવા અમિત શાહની ઉચ્ચસ્તરીય બેઠક

નવીદિલ્હી,તા. ૫

સમગ્ર દેશમાં ડુંગળીની વધતી કિંમતોને લઈને જોરદાર હોબાળો મચેલો છે ત્યારે કેન્દ્ર સરકારમાં બેઠકોનો દોર યથાવતરીતે ચાલી રહ્યો છે. હવે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે પણ મોરચો સંભાળી લીધો છે. સમગ્ર દેશમાં ડુંગળીની વધતી કિંમતોએ લોકોને રડાવી દીધા છે. વિપક્ષના આક્ષેપો જારી છે. તમામ પ્રયાસો છતાં કિંમતો કાબૂમાં આવી રહી નથી ત્યારે બેઠકોના દોર વચ્ચે હવે અમિત શાહે મોરચા સંભાળી લીધા છે. બીજી બાજુ ખાદ્યાન્નમંત્રી રામવિલાસ પાસવાને ટ્વિટ કરીને કહ્યું છે કે, ડુંગળી અને અન્ય જીવન જરૂરી ચીજવસ્તુઓની કિંમતોને કાબૂમાં લેવા બનતા તમામ પ્રયાસો થઈ રહ્યા છે. ડુંગળી મોંઘી થવા માટે અનેક કારણો રહેલા છે.

પાસવાને આ કારણો પણ દર્શાવ્યા હતા. સાથે સાથે એણ પણ કહ્યું હતું કે, સરકારે કયા પગલા લીધા છે. તેમણે ઉમેર્યું હતું કે, ઈજિપ્ત અને તુર્કીમાંથી મંગાવવામાં આવેલા ડુંગળીનો જથ્થો ૧૫મી ડિસેમ્બર સુધી મળી જશે. બુધવારના દિવસે નાણામંત્રી નિર્મલા સીતારામને કહ્યું હતું કે, કિંમતોને કાબૂમાં લેવા સર્વોચ્ચ સ્તરે પગલા લેવાઈ રહ્યા છે જેમાં ભંડાળ સાથે જોડાયેલા માળખાગત મુદ્દાઓનો ઉકેલ શોધી કાઢવાના પ્રયાસ પણ સામેલ છે.

## પીએનબી કાંડમાં નિરવ મોદી ફરાર આર્થિક આરોપી જાહેર

મુંબઈ, તા. ૫

મુંબઈની સ્પેશિયલ પ્રવેન્સન ઓફ મની લોન્ડરિંગ એક્ટ કોર્ટ દ્વારા ફગેટિવ ઈકોનોમિક ઓફેન્ડર્સ એક્ટ હેઠળ ભાગેડુ આર્થિક અપરાધી તરીકે ફરાર કારોબારી નિરવ મોદીને જાહેર કરવામાં આવ્યો છે. નિરવ મોદી અને અન્ય ૧૩૦૦૦ કરોડ રૂપિયાના પંજાબ નેશનલ બેંક કૌભાંડમાં આરોપી તરીકે છે. નિરવ મોદી આ સમગ્ર મામલામાં એવા ત્રીજા કારોબારી છે જેમને ફરાર આર્થિક અપરાધી તરીકે જાહેર કરવામાં આવ્યા છે. તે પહેલા વિજય માલ્યાને પણ ફરાર અપરાધી તરીકે જાહેર કરવામાં આવી ચુક્યા છે.

## પીએમસીનું સહકારી બેંક સાથે મર્જર કરવા સૂચન

મુંબઈ, તા. ૫

પંજાબ અને મહારાષ્ટ્ર કો-ઓપરેટિવ બેંક કૌભાંડના સંકજામાં છે. હવે રાજ્ય સરકારના મંત્રી જયંત પાટીલે કહ્યું છે કે, સરકારે પીએમસી બેંકનું મહારાષ્ટ્ર સ્ટેટ કો-ઓપરેટિવ બેંક (એનએસઈ)માં મર્જ કરી દેવા માટેનું સૂચન કર્યું છે. રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટીના વરિષ્ઠ નેતા જયંત પાટીલે કહ્યું છે કે, આનો મુખ્ય ઉદ્દેશ્ય પીએમસીના ભોગ બનેલા ડિપોઝિટરોને રાહત આપવા માટેનો રહેલો છે. તેમણે એમ પણ કહ્યું હતું કે, જો જરૂર પડશે તો બંને બેંકના મર્જર માટે મહારાષ્ટ્ર સરકાર રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા સાથે પણ વાત કરશે. જયંત પાટિલે કહ્યું હતું કે, તેઓએ મંગળવારના દિવસે એમએસસી બેંકના ચેરમેન સાથે વાતચીત કરી હતી. બંને બેંકોને મર્જ કરવા માટેની અમે વાત કરી ચુક્યા છે જેનાથી ગરીબ ડિપોઝિટરોને રાહત આપી શકાશે.

અત્રે નોંધનીય છે કે, ૪૩૫૫ કરોડ રૂપિયાના કૌભાંડની વિગત સપાટી ઉપર આવ્યા બાદ આરબીઆઈએ પીએમસી બેંક ઉપર પ્રતિબંધ મુકી દીધા હતા. આ કૌભાંડ બાદ લોકો ભયભીત થઈને પૈસા ઉપાડી રહ્યા હતા.

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda,
Sector - 21, Gandhinagar, Ph.232 48225

છઠ્ઠી માસિક પુણ્યતિથિએ સ્મરણાંજલિ



સ્વ. બળદેવભાઈ ગંગારામ પરમાર
નિવૃત્ત કાર્યપાલક ઈજનેર અને નાયબ સચિવ (માર્ગ અને મકાન વિભાગ)
સ્વ. તા. ૬/૬/૨૦૧૯

આપના મધુર સ્મરણો અંકિત છે અમારા હૃદયમાં
આપના કર્મોની સુવાસ જીવંત છે અમારા શ્વાસમાં
સદેહે તમે નથી એ સચ્ચાઈ છે, પણ અસ્તિત્વમાં છો,
અને રહેશો એનો અમોને વિશ્વાસ છે. તમારી હિંમત, રમુજી સ્વભાવ,
ધાર્મિક ભાવના અને નિઃસ્વાર્થ સેવાનું સ્મરણ કરી આપને અમારી
હાર્દિક સ્મરણાંજલિ અર્પીએ છીએ...

ગં.સ્વ. હીરાબેન બળદેવભાઈ પરમાર
પાયલ કમલેશભાઈ પરમાર — કમલેશભાઈ બળદેવભાઈ પરમાર
નિરવ કમલેશભાઈ પરમાર — ફાલ્ગુની કમલેશભાઈ પરમાર
કરણ અતુલભાઈ પરમાર — અતુલભાઈ બળદેવભાઈ પરમાર
રાજ અતુલભાઈ પરમાર — કાજલ અતુલભાઈ પરમાર
હર્ષ કિરણકુમાર ચૌહાણ (ભાણો) — કિરણકુમાર બળદેવલાલ ચૌહાણ (જમાઈ)
હેમાંગીની કિરણકુમાર ચૌહાણ (પુત્રી)